અપીલ અરજી નં.૨૬ તા.૧૫–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા. ડે.કમિ. (હે અને હો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) બેલ્જીયમ ટાવર લીનીયર બસ સ્ટેન્ડની સામે ના બેલ્જીયમ ટાવર પરના ટેરેસ(અગાસી) પર ગેરકાયદેસર અથવા કાયદેસર હોટલ ચાલતી હોય જે અંગેની નોંધણી નંબરની આરોગ્ય અંગેની, ગ્રેડ અંગેની વ્યવસાય વેરા અંગેની માહિતીની નકલ આપવા વિનંતી છે. રેકર્ડ આધારીત માહિતી આપવી નહીં રૂબરૂ સ્થળ તપાસ કર્યા બાદની માહિતીની નકલની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૨૬/૨૦૧૧–૧૨

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) બેલ્જીયમ ટાવર લીનીયર બસ સ્ટેન્ડની સામે ના બેલ્જીયમ ટાવર પરના ટેરેસ(અગાસી) પર ગેરકાયદેસર અથવા કાયદેસર હોટલ ચાલતી હોય જે અંગેની નોંધણી નંબરની આરોગ્ય અંગેની, ગ્રેડ અંગેની વ્યવસાય વેરા અંગેની માહિતીની નકલ આપવા વિનંતી છે. રેકર્ડ આધારીત માહિતી આપવી નહીં રૂબરૂ સ્થળ તપાસ કર્યા બાદની માહિતીની નકલ ની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં સેન્ટ્રલ ઝોન કક્ષાએથી ગુમાસ્તા/વ્યવસાય વેરા નોંધણીની માહિતિ બાબતે થયેલ કાર્યવાહીની વિગતો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨ તા.૨૭–૪–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. ડે.કમિ. અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ) ને પત્ર પાઠવાવમાંઆવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી પીએચડી/ફુડ/૧૨૯ તા.૪–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૫૮ તા.૧૫–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૮૧ તા.૨૩–૫–૧૧ થી પૂરક વિગતના પત્ર અત્રે મળેલ છે. પરંતુ સાથે બિડાણ નોંધ વિભાગ કે આપેલ પ્રત્યુત્તર સામેલ થઈ આવેલ નથી. પરંતુ તા.૨૩–૫–૧૧ ના રોજ વિલંબથી અરજદારને માહિતિ આપ્યાનું જણાવેલ છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે હેઠળની માહિતી માંગતી અરજી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૧૧ તા.૨૫–૨–૧૧ થી આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો ન હવાનું જણાવી તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેથી અસંતુષ્ટ હોવાની રજૂઆત કરેલ છે. જે બાબતે અત્રેથી અપીલ તબકકે પૂરક વિગતો માંગતા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૮૧ તા.૨૩–૫–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં જણાવેલ છે કે અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ આફ.નં.૨૮૦ તા.૨૩–૫–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અન્ય માહિતી માંગેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ. નં.૧૭૧૧ તા.૨૫–૨–૧૧ થી આરોગ્ય અધિકારી અરજી તબદીલ કરેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પૂરક વિગતોમાં અરજદારને જાવક નં.પીએચડી/ફુડ/૫૮ તા.૧૫–૪–૧૧ થી ફુડ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ પર તેમણે જણાવેલ સ્થળ ઉપર કોઈ સંસ્થાને ફુડ ખાતા તરફથી લાયસન્સ આપવામાં આવેલ હોય તેવી કોઈ માહિતી રેકર્ડ જોતાં જણાથી નથી. વધુમાં સ્થળ તપાસ કરી માહિતી પૂરી પાડવાની રહેતી નથી તેવું જણાવેલ છે. આમ બંને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અન આરોગ્ય અધિકારી તથા જાહેર માહિતી અધિકારી ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા,